ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ...




ઘરે રહેશો અને દિવસે મચ્છર કરડશે તો ડેન્ગ્યુ થશે... રાત્રે ઘરે સુઈ જશો અને મચ્છર કરડશે તો ફાલ્સીફેરમ થશે અને ઘર મુકીને બહાર ગયા તો... સ્વાઈન ફ્લ્યુ....!!!

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઓઝોન દિવસની ઉજવણી

## સેક્ટર-૧૫ વીપીએમપી પોલિટેકનિક કોલેજ ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સંયુક્ત ઉપક્રમે સે. ૧૫માં વીપીએમપી પોલીટેકનિક કોલેજ ખાતે એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે જીપીસીબીની પ્રાદેશિક કચેરીના વૈજ્ઞાનિક અધિકારી કાશમીરાબેન ઠક્કર, પૂર્વ પીઆરઓ જીપીસીબી નરેશભાઈ ઠાકર, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ, કોલેજના આચાર્ય આનંદભાઈ પટેલ તથા મિકેનિકલ ડિપાર્ટમેન્ટના એચઓડી એમ.પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પૃથ્વીની આસપાસ વાયુ મંડળમાં ઓઝોનવાયુનું પડ આવેલું છે. જીવંત સૃષ્ટિના અસ્તિત્વ માટે આ પડની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. રસાયણ ક્ષેત્રે થયેલા માનવીય વિકાસ તેમજ પ્રદૂષણને કારણે આ પડમાં નુકશાન થયું છે જેની અસર પૃથ્વી પરની વનસ્પતિઓ, પ્રાણીઓ, જીવજંતુઓ અને મનુષ્યો પર થઈ રહી છે. ઓઝાન પડની જાળવણી થાય તે હેતુથી તા. ૧૬મી સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રિય ઓઝોન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડૉ. અનિલભાઈ પટેલે રોજીંદા વપરાશની વસ્તુઓમાં સીએફસી ગેસ રહેલો છે જે ઓઝોન વાયુને કેવી રીતે નુકશાન પહોંચાડે છે તે અંગે માહિતી પ્રદાન કરી હતી. નરેશભાઈ ઠાકરે આ વર્ષની ઓઝોન દિવસની થીમ 'સૌ સંગાથે - ઓઝોન પડના ઘા રૂઝવવાના ત્રીસ વર્ષો - આપણી અને અલ્ટ્રા વાયોલેટ કિરણોની વચમાં છે ઓઝોન' વિશે રસપ્રદ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં એન્જિનીયરીંગ કોલેજના ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૨૦ જેટલા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રજ્ઞેશભાઈ પટેલ, હાર્દિકભાઈ પટેલ તથા નિસર્ગ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલે જહેમત ઉઠાવી હતી.






## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર નાગરિક બેંકના નવા વરાયેલા હોદ્દેદારો ડૉ. હિમાંશુ પટેલ, શ્રી નરેન્દ્ર શાહ અને શ્રી મનુભાઈ પટેલ શનિવારે ૧૨.૩૯ મિનિટે નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.

● બાલાજીના ડીસ્ટ્રીબ્યુટર શ્રી નીતુભાઈ વ્યાસ અને તેમના પત્ની માધવીબેન વ્યાસનો આજે જન્મદિવસ છે.

● ગાંધીનગર કલેકટર કચેરીમાં ૨૩ નવ નિયુકત કારકુનોના ડિટેઈલ પોસ્ટીંગની સાથે ૧૩ કારકુનોની બદલીના હુકમ પણ કરાયા છે.

● ગાંધીનગર સહિત રાજયના વિવિધ વિસ્તારોમાં પ્રર્વતતી રોગચાળાની સ્થિતિને લઈ અધિક નિયામક ડૉ. પરેશ દવેએ આજે આરોગ્ય અધિકારીઓ સાથે પરિસ્થિતિની સમીક્ષા કરતી વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● ગાંધીનગર શહેરની તમામ પ્રા. શાળાઓમાં આજે સ્વચ્છતા મિશન અંતર્ગત મહાસફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

● ગાંધીનગર શહેરમાંથી પસાર થતા અંબાજીના પદયાત્રીઓ માટેના સેવા કેન્દ્રો આજથી કાર્યરત થયા છે.

# સીનીયર સિટિઝન્સ કાઉન્સીલ દ્વારા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને સહાય

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સીનીયર સિટિઝન કાઉન્સીલના કન્વીનર શ્રી દશરથલાલ એમ. પરમાર સવારે ૧૦થી ૧૨ અને સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન સિવિલ હોસ્પિટલમાં સેવાઓ આપે છે. ઓગષ્ટ માસમાં ૫૦ ગરીબ દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં સીનીયર સિટિઝન કાઉન્સીલ દ્વારા રૂ. ૬૪૪૦ની દવાઓ આપવામાં આવેલ છે. ગામડાના ગરીબ દર્દીઓ બી.પી.એલ. કાર્ડ, મુખ્યમંત્રીશ્રીનું તબીબી સહાય કાર્ડ ધરાવતા હોય છે તેઓને જરૂરી દવાઓ મળી રહે તે રીતે સગવડ કરી આપવામાં આવે છે.

આ સંસ્થા દ્વારા ફરતા દવાખાનાની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. જેનો ગામડાના ગરીબ દર્દીઓ લાભ લઈ રહ્યા છે. ૭૮૩ ગરીબ દર્દીઓને ગામડાઓમાં આર્થિક સહાય આપવામાં આવી છે.

સંસ્થા દ્વારા ગાંધીનગર જિલ્લાના રહેવાસી માટે એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવે છે. ઓગષ્ટ માસમાં ૧૭ દર્દીઓએ તેનો લાભ લીધો હતો. સંસ્થા દ્વારા પેથાપુર નજીક કૈલાસબા વૃધ્ધાશ્રમમાં વૃદ્ધોને નિઃશુલ્ક સારવાર આપવામાં આવેલ હતી.

## જન્મદિન પર વડાપ્રધાનને શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તેમના જન્મદિનની ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ગુજરાતના તમામ નાગરિકો અને તેમના વતી હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. તેમના શુભકામના સંદેશમાં રાજ્યપાલશ્રીએ વડાપ્રધાનશ્રીની સ્વાસ્થ્યમય દીર્ઘાયુની કામના કરી છે અને તેઓ દીર્ઘકાળ સુધી રાષ્ટ્રની સેવામાં કાર્યરત રહે અને શાંતિ અને ઉન્નતિના પથ પર દેશને વિકાસની નવી ઉંચાઈઓ સુધી લઈ જવા માટે ઈશ્વર તેમને શક્તિ આપે, તેવી રાજ્યપાલશ્રીએ પ્રાર્થના કરી છે.

## સંવત્સરી અને પર્યુષણ પર્વ પર રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીની શુભકામનાઓ

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી અને મુખ્યમંત્રીએ 'સંવત્સરી' અને પર્યુષણના પુનીત પર્વે રાજ્યના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે આ પવિત્ર અવસર પર ભગવાન મહાવીરના તિતિક્ષા અને ક્ષમાના સિદ્ધાંતોનું આપણે જીવનમાં અનુસરણ કરવું જોઈએ.

## ગણેશ ચતુર્થીના પાવન પર્વે રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીની શુભકામનાઓ

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી અને મુખ્યમંત્રીએ ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે રાજ્યના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશનું પુનીત પર્વ પરમ શ્રદ્ધા, ભક્તિભાવ અને ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે.

# કલાસ-૧ ઓફીસર ૧.૨૫ લાખની લાંચ લેતા ઝડપાયા

## બોઈલર ડિપાર્ટમેન્ટના ડાયરેકટરે કુડાસણ રહેતા ફેકટરી માલિક પાસેથી ઈન્સ્પેકશન રીપોર્ટ પોઝીટીવ આપવા બે લાખ માંગ્યા હતા

ગાંધીનગર, તા.૧૬

અમદાવાદ ખાનપુર ખાતે સ્થિત શ્રમભવન લેબર કમિશનરની કચેરીમાં બેસતા કલાસ-૧ ઓફીસર બોઈલર ડિપાર્ટમેન્ટના ડાયરેકટરે ફેકટરી માલિક પાસેથી ઈન્સ્પેકશન રીપોર્ટ પોઝીટીવ આપવા રૂ. ૨ લાખની લાંચ માંગી હતી. ગાંધીનગર એસીબીની ટીમે ફરિયાદને આધારે ટ્રેપ ગોઠવીને ગઈ રાતે રૂ. ૧.૨૫ લાખની લાંચ લેતા ઝડપી પાડયા હતા. તેમના બંગલે સર્ચ ઓપરશન પણ હાથ ધરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના કુડાસણ ગામમાં રહેતા મિલનભાઈ ઘનશ્યામભાઈ બારોટને બોઈલર ટયુબ અને પાઈપ બનાવવાનો વ્યવસાય છે. તેમની આ કંપનીમાં વર્કશોપ અપ્રુઅલ લેવા માટે એપ્રિલ માસમાં અરજી કરવામાં આવી હતી. જે અન્વયે ઈન્સ્પેકશન થયું હતું અને આ ઈન્સ્પેકશનના રીપોર્ટમાં બોઈલર ડાયરેકટર આર.એન. ચારેલે કવેરી નિકાળી હતી. તમામ કવેરીઓની પુર્તતા કરીને મિલનભાઈએ આર.એન. ચારેલને આપ્યો હતો. અપ્રુવલ લેટર આપી તેના વ્યવહાર પેટે આર.એન. ચારેલે રૂ. ૨ લાખની માંગણી કરી હતી. રકઝકને અંતે રૂ. ૧.૧૨૫ લાખ નકકી કર્યા હતા. આ અંગે ગાંધીનગર એસીબીને મિલનભાઈએ ફરિયાદ કરતાં ટ્રેપ ગોઠવીને પી.આઈ. એમ.જે. ક્રિશ્ચિયન તથા તેમની ટીમે ગઈ રાત્રે ચારેલને લાંચ લેતા ઝડપી પાડયા હતા. મોડી રાત્રે તેમના બંગલે સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. જેમાંથી લાખો રૂપિયાના દાગીના તથા લાખો રૂપિયા રોકડા મળી આવ્યા હતાં.

## અઢાઈ તપ આરાધના



રાજવી રાજન શાહ
ઉ.વર્ષ ૨૦
(પ્રથમ અઢાઈ તપ આરાધના)



રાજસી રાજન શાહ
ઉ.વર્ષ ૧૫
(તૃતિય અઢાઈ તપ આરાધના)



કૈરવ પ્રિયવદન શાહ
નવ દિવસના ઉપવાસ

## ક્ષમા : રાખો, માંગો અને આપો

### પરમપુજ્ય આચાર્યશ્રી અરુણોદયસાગર મહારાજ સાહેબની અમૃત વાણી

### ક્રોધ એ નરકનું દ્વાર છે, તો ક્ષમા એ સ્વર્ગની સીડી છે

ભારત દેશ ઉત્સવોનો ભંડાર છે. એમાંય શ્રાવણ મહિનામાં પર્વોની પરંપરા ચાલે છે. જન્માષ્ટમીનું પર્વ પુરૂ થતાં જ જૈનોના પર્વાધિરાજ પર્યુષણ પર્વનો પ્રારંભ થતો હોય છે. આઠ દિવસના પર્વમાં સંવત્સરીનું પર્વ શિરમોર છે. સંસારનું સર્જન વેરની પરંપરાઓથી થયું છે. સંસારનું વિસર્જન વેરના વળામણાથી થાય છે. અવેરની આરાધના બિજા કોઈ પણ ધર્મમાં જૈન ધર્મ જેટલી સુંદર રીતે થતી નથી. સર્વે પ્રકારના વેરના વિસર્જનનું આવું પર્વ કોઈ ધર્મમાં નથી.




જ્યા વેરભાવ છે ત્યાં આરાધના નથી. જ્યાં વેરભાવ નથી ત્યાં આરાધના સુંદર થઈ શકે છે. આ આરાધના ઉપર બીજી બધી આરાધનાઓ આધારિત છે. ઝઘડા કરો, વેર રાખો અને પછી આરાધના કરો તેમાં કોઈ ભલીવાર આવે નહીં. એક પણ વ્યક્તિની સાથે વેરભાવની ગાંઠ રહેલી હોય ત્યારે મનની પ્રસન્નતા રહેતી નથી. જેમ શેરડીનાં સાંઠાની ગાંઠના ભાગમાં રસ હોતો નથી તેમ વેરની ગાંઠને કારણે જીવન નિરસ બની રહે છે. તમામ ગાંઠોનું વિસર્જન થયા બાદ ખુબ આનંદ અનુભવાય છે.

ક્ષમાપનાના ત્રણ પ્રકાર છે. ક્ષમાપના માગવી ક્ષમાપના આપવી અને આત્મા સાથે ક્ષમાપના કરવી. ક્ષમા કરવી તે ખુબ દુષ્કર છે. પચાસ લાખની પેઢી જમાવવી સહેલી છે, પણ પચાસ માણસોના હૃદયમાં સ્થાન જમાવવું મુશ્કેલ છે. તે મુશ્કેલીને દુર કરવાનું કામ આ ક્ષમાપના કરે છે. સંવત્સરી એ પર્યુષણ પર્વનો પ્રાણ છે. શિરતાજ છે. હૈયામાં અદાવતનો ભાવ હોય તો જ અદાલતનાં પગથિયાં ચડાય. અદાલતનાં ન્યાય એક ઘરે અજવાળું કરશે તો બીજા ઘરે કરશે અંધારું! ક્ષમાપનાની તીવ્ર તાકાત છે કે, અદાલતના પગથિયા ચડવાની કોઈ જ જરૂર નથી. એ કહે છે કે તમે મારું સેવન કરો. હું તો બેય ઘરે મૈત્રીનો માંડવો બાંધી આપીશ.

**પર્યુષણ આઠમો દિવસ**

ઉકળતાં પાણીમાં જેમ પ્રતિબંબ ન દેખાય તેમ ક્રોધી માણસ પોતાનું હિત શેમાં છે તે જોઈ શકતો નથી. ક્રોધ એ નરકનું દ્વાર છે. તો ક્ષમા એ સ્વર્ગની સીડી છે. ક્રોધ કરવો એ મોહની આસ્થા છે તો ક્ષમા રાખવી એ પ્રભુની આશા છે. માફી આપવી સહેલી છે પણ સામેવાળાની ભુલને ભુલી જવી મુશ્કેલ છે. પ્રભુ વીર આગની સામે પાણી બનીને વરસ્યા હતા. આપણે ફાયરિંગનું કામ કરવાનું નથી પણ 'ફાયરબ્રિગેડ'નું કામ કરવાનું છે. સામી વ્યક્તિના દિલને સુધારવું ભલે આપણા હાથમાં નથી, પણ આપણા દિલને ક્ષમાથી તરબતર બનાવવું આપણા હાથમાં છે. દિવાળી આવે ને વેપારીવર્ગ આખા વર્ષનું સરવૈયું માંડે તેમ પ્રત્યેક જૈનોએ સંવત્સરીના મંગળમય દિવસે એકાંતમાં બેસીને જીવનના ચોપડા તપાસીને સરવૈયું માંડે તેમ પ્રત્યેક જૈનોએ સંવત્સરીના મંગળમય દિવસે એકાંતમાં બેસીને જીવનના ચોપડા તપાસીને સરવૈયું માંડવાનો આ દિવસ છે.

આજના દિવસે વિદાય થઈ રહેલા પર્વાધિરોની પર્યુષણ મહાપર્વને ઝુકી-ઝુકીને નમસ્કાર કરીએ. નિષ્ઠાકરણ ઉપકારોની હેલી વરસાવી રહેલા અનંત તીર્થકર પરમાત્માઓની કૃપાના પાત્ર બનીએ. કર્મોનો કારણે ક્યારેક ક્રોધાદિ કષાયોના ભોગ બની ગયા હોઈએ તો તુરંત "મિચ્છા મિ દુક્કડં" માંગીને હૈયાને હળવું ફુલ બનાવી દઈએ અને એ દ્વારા મળેલા માનવજીવનને સાચા અર્થમાં સફળ બનાવીએ.

## સવારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટર- ૬ ભુનવેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ સતત સાતમા વર્ષે ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ અંગે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળના સંદિપ જોષીએ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સતત ચોથા વર્ષે મંડળ દ્વારા ગણેશાોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે.સૌરાષ્ટ્ર કચ્છ યુવક મંડળના સહયોગથી યોજનાર આ મહોત્સવ અન્વયે તા ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે સે-૬ સી ખાતે પ્લોટ નં ૧૦૯૭માં રહેતા જયેશ બાબુભાઈ પ્રજાપતિના નિવાસ સ્થાનેથી ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. જયારે દરરોજ રાત્રિના ૮:૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવશે.તા ૧૭ મી એ રાત્રિના રંગ કસુંબલ ડાયરા યોજાશે. ત્યારબાદ સાંઈરામ દવેના હાસ્ય દરબારનુ આયોજન કરવામાં આવ્યુ છે.મહોત્સવના ત્રીજા દિવસે સંગાથે સુખ શોધીએ નાટક યાજવામાં આવશે.જયારે તા ૨૦ મી ના રોજ જીતુભાઈ દ્વારકાવાળાનો ડાયરો યોજવામાં આવશે.તા ૨૧મીએ જાદુનો કાર્યક્રમ ત્યારબાદ નૃત્ય સ્પર્ધા અને ૨૩મીએ અશ્વિન જોષીનો લોકડાયરો યોજવામાં આવશે.તા ૨૫ મી સપ્ટેમ્બરના રોજ રમતોત્સવ વિથ ડી જે ડાન્સ અને ત્યારબાદ રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે. જયારે તા ૨૭મી ના રોજ ગણેશયાગ અને ૧૦૦૮ લાડુની આહુતિ દ્વારા હોમાત્મક યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ છે. શ્રી સમસ્ત બ્રહ્મસમાજ યુવા પરિવાર તેમજ મહીલા પાંખ દ્વારા પણ ગણેશોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અંગે માહીતી આપતા યુવા પરિવારના પ્રમુખ જીગર ત્રિવેદી તેમજ વિપુલ જોષી તેમજ જયશ્રીબેન ખેતિયાએ જણાંવ્યુ હતુ કે તા ૧૭મીના રોજ સવારે ૮:૩૦ કલાકે સે- ૨૪ આદર્શનગર બ્લોકનં ૫૩૧ ખાતે કીરણભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાનેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. સેકટરના વિવિધ માર્ગો પરથી યાત્રા બ્રહ્મભવન પહોંચશે. સે -૧૬ રંગમંચ ખાતે રોજ રાત્રિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં પ્રથમ દિવસે ધી ડાયમંડ ગૃપ દ્વારા સીંગીંગ અને ડાન્સીંગનો તેમજ બીજા દિવસે સુગમ સંગીતનો કાર્યક્રમ યોજાશે.તા ૧૮ સપ્ટેમ્બરના રોજ મહીલા પાંખ દ્વારા રંગોળી, મહેંદી,તેમજ ગણપતિ સ્તોત્ર સહીતની વિવિધ સ્પર્ધા જયારે ૧૯ સપ્ટેમ્બરના રોજ બપોરે મહીલા પાંખ દ્વારા આનંદના ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજાશે.જયારે તા ૨૦ સપ્ટેમ્બરના રોજ મ્યુઝિકલ નાઈટનો કાર્યક્રમ યોજાશે.સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આયોજિત આ ગણેશોત્સવની ઉજવણીમાં પિનાકીન રાવલ અને નરેશ દવે ,સી એલ મહેતા, નરેન્દ્ર વ્યાસ સહીતના સમાજના આગેવાનો પણ આયોજન સમિતિમાં સક્રીય યોગદાન આપી રહયા છે. શહેરમાં નવા સેકટરોમાં પણ ભવ્ય ગણેશોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. સમિતિના પ્રમુખ વિક્રમ દેસાઈના જણાંવ્યા મુજબ જેમાં સે -૨ ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા સતત ૧૪માં વર્ષે મહોત્સવ અન્વયે તા ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે બાબુભાઈ પટેલના નિવાસ સ્થાનેથી શ્રીજી ની ભવ્ય શોભાયાત્રા નિકળશે. જયારે રાત્રિના સેકટરના રીંગ રોડ નજીક સ્થિત ગણેશ ચોકમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૧૭મી એ રાત્રિના ૮ : ૩૦ કલાકે જી ઈ કલબ દ્વારા નાટકનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કુંતલ નિમાવત સહીતના સાથી કલાકારો ભાગ લેશે. જયારે તા ૧૮મીના રોજ મેજીસિયન નિલેશનો શો યોજવામાં આવશે.ત્યારબાદ માહીતી ખાતા દ્વારા હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજાશે. તા ૨૦ સપ્ટેમ્બરના રોજ બાળકો માટે ડાન્સનો કાર્યક્રમ યોજવામાં આવશે. જયારે તા ૨૧મીએ ગીત સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવશે.ત્યારબાદ રંગકસુંબલ ડાયરો અને રાસ ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સેકટર ૩ ડી યુવક મિત્ર મંડળ દ્વારા આયોજિત ગણેશોત્સવમાં સેકટરમાં મુર્તિના દાતા રઈબાબેન મણીભાઈ પટેલના નિવાસ સ્થાનેથી પ્લોટ નં ૧૦૯૭ખાતેથી સવારે ૭:૩૦ કલાકે ગણેશજીની શોભાયાત્રા નિકળશે. ગણેશોત્સવ અન્વયે ૧૭મીએ રાસ ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવશે.ત્યારબાદ યોગેશદાન ગઢવીનો કસુંબલ ડાયરો મિમીક્રી કાર્યક્રમ તેમજ સુદરકાંડના પાઠનો કાર્યક્રમ યોજવામાં આવશે. સે- ૩ એ ન્યુ ખાતે પણ ગણેશોત્સવની ઉજવણી અન્વયે વગડાવાળી માતાના મંદિર પાસે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. સેકટરના સિધ્ધિવિનાયક મંડળ દ્વારા તા ૧૭મીના રોજ શોભાયાત્રા સ્પોર્ટસ ગણેશ કાર્યક્રમ જાદુનો શો મ્યુઝિકલ નાઈટનો કાર્યક્રમ યોજવામાં આવશે.મિત્ર મંડળના પ્રમુખ જીતેશ વાઘેલાએ ભાવિકોને દર્શનનો લાભ લેવા જણાંવ્યુ છે. જયારે સે -૨૭ એસ આર પી ગૃપ દ્વારા પણ ગણેશોત્સવનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.

## દારૂની ફેક્ટરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂ. ૧.૧૭ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી, જ્યારે એક બુટલેગર હજુ ફરાર છે.

અડાલજ પી.આઈ. કે.કે. પંડ્યા તથા તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે અમીયાપુર ગામની સીમમાં વિદેશી દારૂ બનાવવાની ફેક્ટરી ચાલી રહી છે. આ ફેકટરીમાં કેમીકલથી વિદેશી દારૂ બનાવી બોટલમાં ભરી પેકઅપ કરીને બ્રાન્ડીંગ લેબલ ચીપકાવી બોક્સ પેક કરીને વેપલો કરવામા આવે છે. જે બાતમીથી પહેલા તો પોલીસ પણ ચોંકી ગઈ હતી. બાતમીવાળા સ્થળે જઈને ટીમે દરોડો પાડતા જાણે બીજા કોઈ રાજ્યમાં દારૂના કારખાને પહોંચી ગયા હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. કેમીકલ વડે બનાવીને પેક અપ કરેલી ૨૭પેટી (૩૪૫નંગ) રોયલ સ્ટેંગ બ્રાન્ડનું લેબલ ચિપકાવેલી દારૂની બોટલો પોલીસે ફેક્ટરીમાંથી કબ્જે કરી હતી. તે ઉપરાંત ૫૦૦ લીટર દારૂ બનાવવા માટે વપરાતુ કેમીકલ અને દારૂની બ્રાન્ડના એક હજાર સ્ટીકર્સ (લેબલ) અને ઢાંકણા પણ ફેક્ટરીમાંથી મળી આવ્યા હતા. પોલીસે દારૂની બોટલો તથા તેને બનાવવા માટેની સામગ્રી અને મોબાઈલ મળી કુલ રૂ. ૧,૭૧,૪૧૦નો મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. રાજસ્થાનના રામસીંગ મંગાજી ચૌહાણ, ઉદેપુરના ઈશ્વર કાળુ મિણા, અમિયાપુર ગાંધીનગરનો દિપક મંગા ઠાકોર અને મહેશ મંગા ઠાકોર મળીને ચારની ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે એક બુટલેગર પ્રવિણ જીવણ કુંપાવત હજુ ફરાર છે. ફેક્ટરીનો વિચાર ક્યાંથી આવ્યો ? કોણ છે માસ્ટસ માઈન્ડ ? ક્યાંથી કેમીકલ રહીતનો માલ લાવતા હતા ? તે સહિતની ઝીણવટભરી પુછપરછ હાથ ધરવામાં આવી છે.

## લાગણીનો મેળો (ચોથા પાનાનું ચાલુ...)

મારીને સંગીત રેલાવો ને સંવાદી બનો... વિષાદગ્રસ્ત અર્જુન મક્કમતાથી કહે છે, 'કરિષ્યે વચનં તવ' તમે જ કહેશો તે કરીશ.' યોગેશ્વરનો પ્રત્યુત્તર છે, 'યથેચ્છતિ તથા કુરુ' તને જ યોગ્ય લાગે તે કર. આપણે આ કૃષ્ણ તો તદ્દન લોકશાહીનો માણસ છે. ઘર, પરિવાર, સમાજ કે જે તે ક્ષેત્રમાં આવું લોકશાહીપણું શોધ્યું દેખાય ખરું?!!

દોસ્તો, એક જાણીતો પ્રસંગ છે, શેરડી છોલતાં કૃષ્ણની આંગળી છોલાય છે ને લોહી દદડે છે, બધાં વિહ્વળતાથી રાજમહેલમાં 'ચીથરું' શોધે છે! પરંતુ દ્રૌપદીએ પળનોય વિલંબ કર્યા વગર સાડીના આ ચીંધરાના નવસો નવ્વાણું તાંતણા સમય આવ્યે 'નવ હજાર નવસો નવ્વાણું' ચીર બની દ્રૌપદીની લાજ સાચવે છે, મિત્રો, કોઈ કશુંક પણ નિઃસ્વાર્થ ભાવે આપે તો તેને બમણું કે ત્રણ ગણું કરી વાળવાની મનોવૃત્તિ કેળવવીએ... આવી વ્યવહાર દક્ષતા જ કૃષ્ણત્વનું કારણ બની શકે છે... છેલ્લે, સુરેશ દલાલની કાવ્યપંક્તિઓ સ્મરી લઈએ...

"વાંસળી જેવી સવાર ઉગે, મોરપીંછ જેવી રાત;
મંદિરની બહાર મીરાં-માધવ ઊજવે છે મધરાત"

- જય શ્રીકૃષ્ણ

સ્પર્શમણિ :
કોઈ + કરે છે.
કોઈ – કરે છે.
કોઈ % કરે છે.
કોઈ X કરે છે.
ફક્ત ભગવાન બધાને સમય આવે ત્યારે = કરે છે !!

## પહલું સુખ... (ચોથા પાનાનું ચાલુ...)

આપણે હૃદયની નળીઓના બ્લૉકેજની બે પ્રોસેસ જોઈ. એન્જીયોપ્લાસ્ટી અને બાયપાસ સર્જરી. એન્જીયોપ્લાસ્ટી જવા હળવી પ્રોસેસ છે, જયારે બાયપાસ સર્જરી 'ભારે છે.' પણ, મુળ મુદ્દો એ છે કે આ સર્જરીઓ કરાવ્યે વાત પતી જતી નથી. આ સર્જરી કરાવ્યા બાદ એવી કોઈ જ ગેરંટી નથી કે ફરીથી બ્લોકેજ નહિં થાય. આથી, આપણે સજાગ રહેવું પડે. ફરી બ્લોકેજ ન થાય એ માટે અમુક પ્રકારની લાઈફ સ્ટાઈલને અપનાવવી પડે. ધ્રૂમપાન ન કરવું, બહુ તેલી પદાર્થો ન ખાવા, નિયમિત વ્યાયામ કરવો, પૌષ્ટિક આહાર લેવો, બહુ ટેન્શન ન રાખવું, બ્લડપ્રેશરને કંટ્રોલમાં રાખવું, ડાયાબિટીસ હોય તો કંટ્રોલમાં રાખવું અને હૃદયને માટે તેમજ ધમનીઓ માટે પોષક હોય તેવા ઔષધોનું સેવન કરવું. આયુર્વેદમાં એવા ઘણા ઔષધો છે કે જેનો માત્રાપૂર્વક ઉપયોગ કરવાથી હૃદય વરસોવરસ સ્વસ્થ રહે છે. ચિકિત્સકની સલાહ અનુસાર આવા ઔષધોનો ઉપયોગ કરી શકો છે. આ બધી જ સલાહથી ઉપર સૌથી મોટી સલાહ, આનંદમાં રહેવું અને ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞ રહેવું, એટલે લગભગ ટેન્શન દૂર થઈ જશે. દૂંદાળા દેવ સૌને આરોગ્ય આપે એવી આજના પર્વે શુભેચ્છાઓ...

## જાહેર નિવિદા

સરકારી પોલીટેકનીક સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતે કેન્ટીન ચલાવવા માટેના અનુભવી એજન્સીઓ પાસેથી ટેન્ડરો સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી. અથવા રૂબરૂથી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોમાં ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક વચ્ચે તા. ૧૬/૯/૨૦૧૫ તા. ૨૯/૯/૨૦૧૫ સુધીમાં રૂ. ૫૦૦/- રોકડા અથવા ડી.ડી.થી ટેન્ડર ફીના ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ટેન્ડર ફોર્મ તા. ૨૯/૯/૨૦૧૫ના રોજ ૧૭-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

આચાર્યશ્રી
સરકારી પોલીટેકનીક
સેક્ટર-૨૬, ગાંધીનગર

માહિતી/૧૫૧૫/૨૦૧૫-૧૬